# તસ્બીહે રબીઉલ આખીર

فَسَيَكْفِيكَهُمُ اللّٰهُ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ

**ફસયકફી કહોમુલ્લાહો વ હોવસ સમીઉલ અલીમ.**

*માઅના :*

*પછી ખુદા તમને હર કામમાં કીફાયત કરી આપશે અને તેજ ખુદા સાંભલનાર અને જાણનાર છે.*

કુરઆને કરીમમાં અલ્લાહના દીનને અલ્લાહનો રંગ કહ્યો છે. ***અલ્લાહનું દીન તમામ કરતા બેહતરીન દીન છે.*** અને અલ્લાહનો રંગ તમામ કરતા બેહતરીન રંગ છે. આ રંગ પુખ્તા અને બાકી રેહનાર રંગ છે જે મુજબ અલ્લાહનું દીન રોઝે કયામત તક આ દુનિયામાં બાકી રેહશે.હઝરત ઈસા (અ.સ) ની દાઅવતને જવાબ દેનારાઓ કુબુલ કરનારાઓ ખાસ કરીને ધોબીઓ, શિકારીઓ અને રંગરેઝો હતા, જે સઘલા હવારીય્યુનથી ઓલખાય છે.ધોબીઓ યાઅની જાનોને(નફસ) અલ્લાહની ઈતાઅત કરી તેને સાફ-સુથરા કરનાર, શિકારીઓ યાઅની દીન થી નફરત કરનાર જાનોને ઈલ્મો હિકમતથી શિકાર  કરનાર અને રંગરેઝો યાઅની અલ્લાહના રંગથી જાનોને ખુશનુમા બનાવનાર હતા, તે હવારીય્યુન.

સૈયદના જાઅફર બિન મન્સૂરીલ યમન(ક.રૂ.) ફરમાવે છે કે અલ્લાહનો રંગ(સિબગતુલ્લાહ) યાઅની અલ્લાહની શરીઅત અને સુન્નત. અલ્લાહ કરતા કોણ ઝિયાદહ બેહતર શરીઅત અને સૂન્નત લાવનાર હોય શકે, *અને અલ્લાહના દીન સિવાય અમલ કરવો ખૈર અને હસનાતમાંથી ગીનાય નહી.* ઔલેયાઉલ્લાહની વલાયત અને ફરમાઁબરદારી થી નફસમાં ખુઝુઅ-ખુશુઅ, અમાનત ની અદાએગી થી સચ્ચાઇ,નમાઝ અને સજદાથી અલ્લાહ થી નઝદીકી, ઝકાતને અદા કરવાથી સખાવત,રોઝા કરવાથી ઈફફત, પાકી અને તકવા, હજજ પઢવાથી મોહંમદ (સ.અ.વ.વ.) અને આપની આલે અત્હર તેમજ ફરીશતાઓ ની ઝિયારતનો શૌક, રાહે ખુદામાં જેહાદ કરવાથી શુજાઅત હાસિલ થાય છે.આ શરીઅતના આઅમાલને બજા લાવવાથી નફસ પાક થાય છે અને તેને મૂકવાથી નફસ નાપાક અને ગંદો રહે છે. તકબ્બુર, જુઠ, અલ્લાહથી દુરી, કંજુસી, બુઝદિલી, સખ્તદિલી, બેશરમી, બદઅખ્લાકી થી નફસ ઘેરાયેલો રહે છે. ***સાબિત થયું કે શરએ મોહંમદી નફસને ફઝીલત અને તહારત બખ્શે છે.અને તે જ અલ્લાહનુ સાચું દીન છે. અલ્લાહ મુમેનીન વાસ્તે તમામ ચીઝમાં કાફી છે.*** ★